અપીલઅરજી નં.૨૦૧૮૩૦૦૦૨૩૨
તા.૩૧ /૦૭/૨૦૧૮

અરજદાર :– શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ
સામાવાળા :–૧. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (સ્મીમેર હોસ્પીટલ)
૨. અનુમાનિત PIO અને સીની. આર.એમ.ઓ. (સ્મીમેર હોસ્પીટલ)
૩. અનુમાનિત PIO અને નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટ(સ્મીમેર હોસ્પિટલ)

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :**–આર.ટી.આઈ. એકટ હેઠળ કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૩૪૯૪૪ની શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિની એસ. પ્રજાપતિની તા.૦૪/૦૫/૨૦૧૮ ની અરજીમાં જાહેર તહેવારની રજાના દિવસે ફરજ બજાવવા તથા વળતર રજા વિગેરે બાબતે.

**સંદર્ભ :**– અત્રેના કચેરીના નમૂનો–ગ પત્ર ક્રમાક : સ્મીમેર/હોસ્પી./આઉટ/નં.૧૧૦૭, તા.૦૫/૦૬/૨૦૧૮.

અરજદાર શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ દ્વારા તા.૦૪/૦૫/૨૦૧૮નારોજ સુરત મહાનગરપાલિકા ખાતે આર.ટી.આઈ.ની અરજી કરવામાં આવેલ. જે અત્રે તબદીલીથી તા.૧૧/૦૫/૨૦૧૮ મળેલ અને તેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્રથી તા.૦૨/૦૬/૧૮ સમય અવધિમાં ૧૯ નકલ માટે રૂા. ભરપાઈ કરવા માટે પત્ર પાઠવવામાં આવેલ. અરજદારે તા.૦૨/૦૬/૧૮ના રોજ સિવિક સેન્ટર, સેન્ટ્રલઝોન ખાતે દસ્તાવેજ ફી ના નાંણા ભરપાઈ કરેલ છે. જેની પાવતી સહિતની નકલ અત્રે નોર્થ ઝોનના સેકશન ઓફિસર મારફતે તા.૦૬/૦૬/૨૦૧૮ના રોજ અત્રે મળેલ છે.PIO એ Sr. RMO અને નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટના પત્ર સહિત તા.૦૫/૦૬/૧૮ના રોજ જવાબ મોકલી આપેલ છે જે સમય અવધિમાં છે.

અરજદાર દ્વારા તેમને મળેલ સદર માહિતીથી નારાજ થઈ મ્યુ.કમિશ્નર શ્રી, અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગર સેવાસદન, સુરતને સંબોધીને પ્રથમ અપીલ તા.૨૫/૦૬/૧૮ના રોજ કરેલ જે તબદીલ થઈ પ્રથમ અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર, સ્મીમેર હોસ્પિટલ, સ્મીમેર હોસ્પિટલ, સુરત ખાતે તા.૨૯/૦૬/૧૮ના રોજ મળેલ છે.

પ્રથમ અપીલ ના કારણોમાં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

**મુદ્દા નંબર–૨ અને** ૩ની માહિતી માગ્યા મુજબની માહિતી અધુરી આપવામાં આવેલ છે. જેથી પુરેપુરી માહિતી આપવી.

**મુદ્દા નંબર–૪**

જાહેર તહેવારની રજા બાબતનો પરીપત્ર નં.૮૩૪૩ તા.૩૦/૦૧/૨૦૧૮ની નકલ આપવામાં આવેલ છે. જે મુજબ રાજય સરકારના પરીપત્ર મુજબ જાહેર તહેવારની રજાઓ આપવામાં આવે છે. આ પરીપત્ર ઈ.ચા. તબીબ અધિક્ષક સ્મીમેર હોસ્પિટલ દ્વારા બહાર પાડવામાં આવેલ છે. તો આ સત્તા તબીબી અધિક્ષકને છે, ખરી ? કઈ સત્તાની આધારે આ પરીપત્ર બહાર પાડે છે. તેની તમામ નકલો આપવી. તેમજ સુરત મહાનગરપાલિકાના જાહેર તહેવારની રજાના પરીપત્રનો અમલ કેમ કરવામાં આવતો નથી ?

**મુદ્દા નંબર–૫ અને ૬**

માંગ્યા મુજબની માહિતી આપેલ નથી જેથી સંપૂર્ણ માહિતીની નકલો વિનામૂલ્યે આપવી.

**મુદ્દા નંબર–૮ અને ૯**

માંગ્યા મુજબની માહિતી આપેલ નથી જેથી સંપૂર્ણ માહિતીની નકલો વિનામૂલ્યે આપવી.

અરજદારના પ્રથમ અપીલ અરજી અન્વયે અરજદારની નારાજગી સંદર્ભે PIO વિરૂદ્ધ કોઈ પુરાવા રજુ કરવા તા.૧૭/૦૭/૨૦૧૮ના રોજ પત્ર પાઠવેલ. તેમજ PIO અને સેકશન ઓફિસર(સ્મીમેર હોસ્પિટલ) તથા અનુમાનીત PIO અને Sr. RMO(સ્મીમેર હોસ્પિટલ) તથા અનુમાનીત PIO અને N.S. (સ્મીમેર હોસ્પિટલ)ને અપીલના પ્રત્યક્ષ મુદ્દા એગે તેમના પૂર્તતા અહેવાલની પૂરક માહિતી માટે તા.૧૭/૦૭/૧૮ના રોજ પત્ર પાઠવેલ.જેના પત્યુત્તરના ભાગ રૂપે " દફતરી વિગતે યોગ્ય છે જેથી વિશેષ કોઈ પૂરક વિગતો રજુ કરવાની રહેતી નથી."જે બાબત અંગેનો તા.૧૯/૦૭/૨૦૧૮ના રોજ નર્સિંગ સુપ્રિ.નો પત્ર મળેલ છે પરંતુ સીની. આર.એમ.ઓ. કે PIO અને સેકશન ઓફિસર(સ્મીમેર હોસ્પિટલ) તરફથી કોઈ પ્રત્યુત્તર મળેલ નથી.

તા.૩૦/૦૭/૧૮ના રોજ સુનાવણી દરમ્યાન PIO અને સેકશન ઓફિસર શ્રી જયેશભાઈ પટેલ હાજર રહેલ અનુમાનીત PIO અને Sr. RMO ના પ્રતિનિધિ તરીકે ડૉ. નરેશ રાણા તથા અનુમાનીત PIO અને નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટ હાજર રહેલ અને અરજદાર શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ પણ હાજર રહેલ.

તમામ પક્ષકારો ઉપસ્થિત રહેતા સુનાવણીની કાર્યવાહી કરવામાં આવેલ.

(૧) અરજદારે અપીલના કારણોમાં જે મુદ્દા જણાવેલ હતાં તેના અનુસંધાને તા.૨૩/૦૭/૧૮ના રોજ અરજદાર તથા પક્ષકાર PIO અનેઅનુમાનીત PIO અને Sr. RMO(સ્મીમેર હોસ્પિટલ) તથા અનુમાનીત PIO અને N.S. (સ્મીમેર હોસ્પિટલ) ને સુનાવણી માટેનો તા.૩૦/૦૭/૧૮ના રોજ ૧૨ :૩૦ કલાકે હાજર રહેવા માટેનો પત્ર આપેલ છે. સાથે સાથે તમામ પક્ષકારોને તેમના બચાવ અંગે પુરાવા રજુ કરવા ઈચ્છતા હોય તે સુનાવણી ના સમયે સાથે રાખવા તથા અને શકય હોય તો દિન–૨ પહેલા પુરાવા અત્રે મોકલી આપવા જણાવેલ.સુનાવણીની તારીખ સુધીમાં વધારાના કોઈ દસ્તાવેજ કોઈ પક્ષકાર દ્વારા મોકલાવેલ નથી.

(૨)	**સુનાવણી સમય દરમ્યાન તેમના અપીલના સમર્થનમાં પુછતા અરજદાર શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ દ્વારા જણાવેલ છે કે મુદ્દા નં.૨ થી ૬ અને ૮ ની અધુરી તથા માંગ્યામુજબની માહિતી આપવામાં આવેલ નથી. અરજદાર જણાવે છે કે આ સિવાય તેમના તરફે વધુ કોઈ રજુઆત નથી.**

**પ્રથમ અપીલ અધિકારી તરફથી શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ ને સીની. આર..એમ.ઓ.ના માહિતીથી કઈ નારાજગી છે તે મુદ્દાવાર સ્પષ્ટ કરવા જણાવતાં અરજદારે જણાવેલ કે,**

**મુદ્દા નં. ૨**સીની.આર.એમ.ઓ. દ્વારા આપવામાં આવેલ માહિતીમાં તેઓ સ્વીકારે છે કે તેઓને પ્રત્યુત્તર મળેલ છે અને જાહેર તહેવારોમાં બજાવેલ ફરજ બદલ આપવામાં આવતી વળતર રજાના રજીસ્ટરના પાનાની નકલ મળેલ છે. આ તબકકે અનુમાનિત PIO ડૉ.રાણાએ એ પણ સ્પષ્ટતા કરેલ છે કે તે વર્ગ–૪નું છે પરંતુ અરજદારે ફરિયાદ કરેલ છે કે આપેલ રજીસ્ટરના પાના પરથી તે સ્વયં સ્પષ્ટ વળતર રજાનું છે તેવુ ફલિત થતું નથી તથા જાહેર તહેવારના કાર્ડની નકલો મળેલ નથી.

**મુદ્દા નં.** ૩જાહેર તહેવાર નોંધણીકાર્ડ બાબતે તેમણે રજુઆત કરેલ છે જે અંગે ડૉ.રાણાએ જણાવેલ છે કે કાર્ડના બદલે રજીસ્ટર રાખવામાં આવેલ છે.

**મુદ્દા નં. ૪**મુદ્દા નં. ૪ અંગે તેમણે જાહેર તહેવાર અંગે પ્રથમ પરિપત્રની રજુઆત કરેલ છે જે અંગેડૉ.રાણા જણાવે છે કે કોલેજ, હોસ્પિટલ ૨૦૦૦ના વર્ષ પછી શરૂ થયેલ છે અને તેમ છતાં છેલ્લા વર્ષ ૨૦૧૮નો પરિપત્ર આપેલ છે.

**મુદ્દા નં. ૫** મુદ્દા નં. ૫ અંગે અત્રે લાગુ પડતુ નથી તેની સાથે અરજદાર સહમત છે.

**મુદ્દા નં. ૬** મુદ્દા નં. ૬ અંગે મુદ્દા નં. ૨ નો પ્રત્યુત્તર ધ્યાને લેતા અરજદારને કોઈ નારાજગી નથી.

**મુદ્દા નં. ૮** મુદ્દા નં. ૮માં ડૉ.રાણાએ અરજદારને હેલ્થ કમિશ્નરની નીતીની સમજણ આપી. આપેલ પ્રત્યુત્તર અંગે અરજદારને સ્પષ્ટતા પણ કરી આપેલ છે.જેથી મુદ્દા નં. ૮ અંગે હવે કોઈ નારાજગી નથી.

નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટશ્રીએ આપેલ પ્રત્યુત્તર અંગે અરજદારને નારાજગી હોય તો મુદ્દાવાઈઝ જણાવવા સૂચવતાં અરજદારે જણાવેલ કે,

**મુદ્દા નં. ૨**અંગે તેઓ જણાવે છે કે તેમને માહિતી મળેલ છે પરંતુ આપેલ માહિતીના પાનાંનાં શિર્ષકમાં વિગતો જણાવેલ નથી. જેની સામે નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટશ્રીએ મહાનગર પાલિકાના પ્રેસ અને રેકર્ડ વિભાગનાનંબરીંગનો હવાલો આપી વળતર રજાનું રજીસ્ટર છે તેમ જણાવેલ છે. વધુમાં તેમણે દફતરી ઈન્સ્પેકશન કરવાનો પ્રસ્તાવ પણ કરેલ છે.

**મુદ્દા નં.** ૩ અંગે તેમણે જાહેર તહેવારના કાર્ડ નહિ હોવાની રજુઆત કરેલ છે. જેની સામે નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટશ્રીએ રજીસ્ટર હોવાનું જણાવેલ છે અને નિભાવેલ છે તેવુ જણાવેલ.

**મુદ્દા નં. ૮** મુદ્દા નં. ૮માં નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટશ્રીએ અરજદારને હેલ્થ કમિશનરની નીતીની સમજણ આપી. આપેલ પ્રત્યુત્તર અંગે અરજદારને સમજૂતી આપેલ છે.જેથી મુદ્દા નં. ૮ અંગે હવે અરજદારને કોઈ નારાજગી નથી.

PIO અને સેકશન ઓફિસરએ જણાવેલ છે કે, તેમણે અરજદારે માંગેલ માહિતી રેકોર્ડના કસ્ટોરિયમ એવા Sr. RMO તથા નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટ દ્વારા તેમને જે પૂરી પાડેલી તે યથાવત અરજદારને પૂરી પાડેલ છે. જેથી સુનવણી દરમિયાન અરજદારની નારાજગીના મુદ્દાઓ પરત્વે અનુમાનિત PIO દ્વારા તેઓ કક્ષાએથી ઉચિત રજુઆત કરેલ છે. તે સિવાય PIO તરીકે તેમની કોઈ વિશેષ રજુઆત નથી. અરજદારે આ બાબતે તેમને પણ સુનાવણી મુદ્દા પશ્ચાત માહિતી બાબતે કોઈ નારાજગી હોવાનું જણાવેલ પરંતુ જાહેર તહેવારના કાર્ડ નિભાવણી માટે સુનાવણી દરમયન આગ્રહ રાખેલ.

**પક્ષકારો અને કેસની વિગત પરથી તારણ**

અરજદારે જાહેર તહેવારના કાર્ડ નહિ નિભાવતા હોવાની રજુઆત કરી તેની નિભાવણી માટે રજુઆત કરેલ છે પરંતુ RTI ના કાયદા હેઠળ ભૌતિક સ્વરૂપે દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ RTI કાયદાની કલમ ૨(F) અને ૨(J) અનુક્રમે માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યામાં થયેલ છે અને સુનાવણી દરમ્યાન બન્ને ડીમ PIO દ્વારા જણાવેલ છે કે તેઓ જાહેર તહેવારના બદલે નિયત નમૂનાનું રજીસ્ટર નિભાવે છે. તેથી જે માહિતી દફતરે ઉપલબ્ધ નથી તે સર્જન કરીને આપવાનું ઉત્તરદાયીત્વ PIO નું રહેતું નથી.

અરજદાર શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ RTI હેઠળની મુળ અરજી પ્રથમ અપીલ તથા અપીલની સુનાવણી દરમ્યાન રજુ થયેલ દસ્તાવેજો અને પક્ષકારોનો પ્રતિનિધિત્વ તેમજ કેસની હકિકત ધ્યાને લેતાં નીચે મુજબ હુકમ કરી પ્રથમ અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

અરજદાર અને પક્ષકાર PIOની સુનાવણી દરમ્યાનની સમગ્ર હકીકત ધ્યાને લેતા અરજદારને માહિતી નહિ મળ્યાનો કે અધૂરી કે ખોટી મળ્યાનો કોઈ કેસ બનતો નથી .દફતરી વિગતોની માહિતી અનુમાનિત PIO દ્વારા PIO મારફતે અરજદારને પૂરી પાડેલ છે અને તેમાં અરજદારને સુનાવણી પશ્ચાત કોઈ તકરાર નથી.જેથી હુકમના તારણમાં નિર્દિષ્ટ વિગતે અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારી અને અનુમાનિત જાહેર માહિતી અધિકારીને એ સૂચવવામાં આવે છે કે, પરિપત્ર અને નીતિ વિષયક બાબતો સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતી અન્વયે કલમ–૪ હેઠળ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવાનું ઉત્તરદાયીત્વ આદેશાત્મક છે. તે ધ્યાને લઈ આ પ્રકારની માહિતી વધુમાં વધુ વેબસાઈટ પર મૂકાય અને અદ્યતન સમયાંતરે થાય તેની કાળજી લે.

નં.સ્મીમેર/આઉટ/<br>
તા. /૦૮/૨૦૧૮

અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર<br>
સ્મીમેર હોસ્પીટલ<br>
સુરત મહાનગરપાલિકા

૧)અપીલઅરજી નં.૧૦૦૩૪૦૧૨૦૦૦૩
તા.૨૩/૦૭/૨૦૧૮
૨) અપીલ અરજી નં.૨૦૧૮૧૦૦૦૦૦૯
તા.૦૯/૦૮/૨૦૧૮

ફરીયાદી :– શ્રી બંસી રોહિત સરન

પ્રતિ વિવાદી :– (૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(સ્મીમેર હોસ્પિટલ)

(૨) અનુમાનિત જાહેર માહિતી અધિકારી અને સીની.આર.એમ.ઓ.(સ્મીમેર હોસ્પિટલ)

(૩) અનુમાનિત જાહેર માહિતી અધિકારી અને નર્સીંગ સુપ્રિન્ટેન્ડન્ટ(સ્મીમેર હોસ્પિટલ)

(૪) અનુમાનિત જાહેર માહિતી અધિકારી એચ.ઓ.ડી.(ડેન્ટલ) અને ઈ.ચા.પ્રોફેસર(સર્જરી), સ્મીમેર હોસ્પિટલ

**કેસની હકીકત :–**

અરજદાર ડો.બંસી રોહિત સરન દ્વારા તેણીને તા.૧૧/૦૬/૨૦૧૮ ની અરજીથી ૨૧ મુદ્દાની માહિતી માંગતી આર.ટી.આઈ.અરજી જાહેર માહિતી અધિકારી સ્મીમેર સુરતના નામથી કરવામાં આવેલી. જે પૈકી કેટલાક મુદ્દાઓ અન્ય જાહેર માહિતી અધિકારી ને જેવાકે પર્સોનેલ ઓફિસર કોલેજ, ડિપાર્ટમેન્ટ ઈન્કવાયરી ઓફિસર વગેરેને લગતા પણ હતા. જે પૈકી મુદ્દા નં.૯, ૧૩,૧૪,૧૫,૧૬, ૧૯, ૨૦ અને ૨૧હોસ્પિટલ જાહેર માહિતી અધિકારી ને લગતા જણાયેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી હોસ્પિટલ અને સેકશન ઓફિસર દ્વારા તેમના પત્ર નં.૧૬૮૬ તા.૧૦/૦૭/૨૦૧૮ મુદ્દા નં.૧૫ તથા ૧૯ થી ૨૧ ની માહિતી આપ્યાનું જણાય છે. જયારે મુદ્દા નં.૯, ૧૩,૧૪ અને ૧૬ ની માહિતી આપેલ જણાતી નથી.

અરજદાર ડો.બંસી દ્વારા તેણીના તા.૨૩/૦૭/૨૦૧૮ના પત્રથી ૨૧ મુદ્દાની આર.ટી.આઈ. અરજી અંગે પ્રથમ અપીલ કરવામાં આવેલ જેનો ઈન.નં.૨૪૯૫ થી અત્રે નોંધાયેલ ત્યારબાદ તેણીએ તે જ તારીખના પત્ર જે ઈન.નં.૨૫૨૨ તા.૨૩/૦૭/૨૦૧૮થી નોધાયેલ તેમાં જણાવેલ છે કે તેની અગાઉની પ્રથમ અપીલ અરજી નકારવી અને તેની અવેજીમાં તેણીએ લેખીત એપ્લીકેશન સાથે ૧૧ મુદ્દાની તેણીની તા.૧૧/૦૬/૧૮ની મુળ અરજી અંગે પ્રથમ અપીલ દાખલ કરેલ છે. જેના મુદ્દા નં.૧૦ અને ૧૧ પ્રતિ વિવાદી ૧,૨ અને ૪ ને સ્પર્શતા જણાયેલ છે જયારે બાકીના

મુદ્દા પ્રતિવિવાદી નં.૧ દ્વારા સ્મીમેર કોલેજ તથા ઈન્કવાયરીને અનુક્રમે નં.૧૨૩૭ તા.૧૫/૦૬/૨૦૧૮ તથા નં.૧૨૨૮ તા.૨૬/૦૬/૨૦૧૮થી તબદીલ કરેલ છે અને તેની સામે મુદ્દા નં.૪ થી ૯ માટે ઈન્કવાયરી વિભાગ જાહેર માહિતી અધિકારી દ્વારા તેમના પત્ર નં.૪૦૮ તા.૦૪/૦૭/૨૦૧૮ થી પ્રત્યુત્તર પણ પાઠવ્યાનું જણાય છે. જયારે કોલેજ કક્ષાએથી તા.૧૯/૦૭/૨૦૧૮ થી પ્રત્યુત્તર પાઠવ્યાનું જણાય છે જેની વિગતો અરજકર્તા એ એનેક્ષર –I  થી V નિર્દિષ્ટ કરી અત્રે રજુ કરેલ છે.

અરજદારે તેમની પ્રથમ અપીલની અરજીમાં મુખ્યત્વે મુદ્દા નં.૧૦ થી ૧૧ નો પ્રત્યુત્તર નહી મળતા નારાજગી વ્યકત કરી છે. સાથે–સાથે જાહેર માહિતી અધિકારીના નામ, હોદ્દો, સંપર્ક નંબર અને ઈ–મેલ આઈ.ડી. પત્રમાં નિર્દિષ્ટ નહી કર્યાની રજુઆત કરેલ છે તેમજ માહિતીના ઈન્કારના કિસ્સામાં ઈન્કારના કારણો દર્શાવી પ્રથમ અપીલની વિગતો નહી આપ્યાનો ઉલ્લેખ કરેલ છે. તેમજ તબદીલના કિસ્સામાં કયા– કયા મુદ્દા માટે તબદીલ કરેલ છે તેની વિગતો તબદીલ પત્રમાં નહી કર્યાનું જણાવેલ છે.

અરજદારની અપીલ દરમ્યાન અત્રેથી પક્ષકાર પ્રતિ વિવાદીઓને અત્રેના પત્રનં. ૨૧૩૮, તા.૨૬/૦૭/૧૮ થી તેમનો પક્ષ રજુ કરવા તથા પૂરક માહિતી આપવા જોગ હોય તો અરજદારને પૂરી પાડવા અત્રે મોકલવા પક્ષકાર પ્રતિવિવાદી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી , જાહેર માહિતી અધિકારી અને સીની.આર.એમ.ઓ. તથા એચ.ઓ.ડી. ડેન્ટલને અરજદારની રીવાઈઝ પ્રથમ અપીલના અનુસંધાને જણાવવામાં આવેલ. સાથે–સાથે પત્ર નં.૨૧૩૭ તા.૨૬/૦૭/૨૦૧૮થી અરજદારને પણ જો આ દરમ્યાન પૂરક માહિતી મળે તો તેમનો પક્ષ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર દ્વારા તેમના પત્ર નં. ૨૨૮૭ તા.૦૬/૦૮/૨૦૧૮ થી પૂરક વિગતો રજુ કરેલ છે. જેમાં તેઓએ અરજદારને અત્રેના પત્રનં.૨૨૮૬ તા.૦૬/૦૮/૧૮ થી સ્મીમેર એચ.ઓ.ડી. ડેન્ટલ (પ્રો.સર્જરી) ના પત્ર નં. ૨૭૨ તા.૨૭/૦૭/૧૮થી મળેલ મુદ્દા નં.૧૦ અને ૧૧ ની માહિતી અરજદારને વિનામૂલ્યે પૂરી પાડયાનું જણાવેલ છે. જયારે અરજદાર દ્વારા તેમના ૦૨/૦૮/૨૦૧૮ના પત્રથી એનેક્ષર I થી  V જોડી નારાજગીના મુદ્દાની પૂરક માહિતી રજુ કરેલ છે.

પરંતુ તેણીએ તા.૨૩/૦૭/૨૦૧૮ ના રોજની સ્મીમેર કોલેજને સંબોધીને આપેલ પ્રથમ અપીલ કરેલ છે. તેમાં મુદ્દા નં.૧૯, ૨૦, અને ૨૧ માં પર્સોનેલ ઓફિસર હોસ્પિટલ, નર્સીંગ સુપ્રિન્ટેન્ડન્ટ તથા નર્સીંગ સ્ટાફની ફરજો અંગેની માહિતી નહી મળવાના મુદ્દા સામેલ કરેલ છે. જે તેણીએ અત્રે તા. ૨૩/૦૭/૨૦૧૮ ના રોજ કરેલ ૨૧ મુદ્દાની પ્રથમ અપીલ જે તે જ તારીખના તેઓના પત્રથી દફતરે કરવા જણાવી અન્ય મુદ્દા માટે પ્રથમ અપીલ કરતી વિનંતી આપેલ છે. તે ધ્યાને લેતા આ મુદ્દાઓ અંગેની માહિતી બાબતે નર્સીંગ સુપ્રિન્ટેન્ડન્ટના પત્ર નં.૧૮૬૭ તા.૩૦/૦૬/૨૦૧૮ થી દફતરી ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારીના પત્ર નં.૧૬૮૬ તા.૧૦/૦૭/૨૦૧૮

પુરી પાડેલ છે. જયારે સીની.આર.એમ.ઓ અધિકારી ની ફરજો અંગેની ઉપલબ્ધ માહિતી પી.આઈ.ઓ અને સેકશન ઓફીસરનાં પત્ર નં.૨૪૯૫ તા.૨૩/૦૭/૨૦૧૮ થી સીની.આર.એમ.ઓ નાં ડી.પી અંગેની તેમજ પી.ઓ ની ફરજો અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર ના પત્ર નં.૨૪૨૮ તા.૧૬/૦૮/૨૦૧૮ થી અરજદારને પર્સોનેલ ઓફિસરના સત્તાસોંપણીના હુકમોની નકલ વિના મૂલ્યે પુરી પાડેલ છે.

## પક્ષકાર અને કેસની વિગત પરથી તારણ

અરજદારે પ્રથમ અપીલ ૨૧ મુદ્દાની અરજી સામે પ્રથમ અપીલ કરી પછીથી તે જ તારીખના પુરક પત્રથી તેને નકારવા વિનંતી કરેલ હોય. ૨૧ મુદ્દા પૈકી પક્ષકાર જાહેર માહિતી અધિકારીની નહી મળેલ માહિતી બાબતે અરજદારની રીવાઈઝ અપીલમાં દાદ ન હોય તેમની વિનંતી મુજબ તે અરજી દફતરે કરવાની રહે. તેથી તે અંગે કોઈ નિષ્કર્ષ પર આવવાનું રહેતુ નથી તેથી હુકમ કરવાનો પ્રશ્ન રહેતો નથી.તેમ છતાં અરજદાર દ્વારા તા.૯/૮/૧૮ ના પત્ર થી સ્મીમેર કોલેજ ને કરેલ ૨૧ મુદ્દા ની માહિતી અંગેની પ્રથમ અપીલ જેની નકલ અત્રેનાં પ્રથમ અપીલ અધિકારી ને પણ રવાના કરેલ છે. તેના મુદ્દાનં.૯ જેમાં શ્રી ડો.કલવાણીના રાજીનામાં સમયે સ્મીમેર હોસ્પિટલ નાં ફરજ પરના પી.ઓ. ની વિગત, મુદ્દા નં.૧૩ જેમા સ્મીમેર હોસ્પિટલ શરૂ થયા ત્યારથી ફરજ બજાવેલ પી.ઓ. તથા ઈ.ચા.પી.ઓ ની માહીતી માંગેલ છે જયારે મુદ્દા નં.૧૫ થી સીની.આર.એમ.ઓ. ની ફરજ ની માહીતી માંગેલ છે. મુદ્દા નં.૧૬ થી સ્મીમેર હોસ્પિટલ ના પી.ઓ. ની ફરજો ની માહીતી માંગેલ છે. મુદ્દા નં.૧૯ થી ૨૧ માં અનુક્રમે ઈ.ચા.સીસ્ટર, નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટ,અને નર્સિંગ સ્ટાફની ફરજો ની માહીતી માંગેલ છે.

અરજદારે પ્રત્યેક સ્વતંત્ર અરજી માટે પી.આઈ.ઓ તરફથી મળેલા પ્રત્યુતર સામે મુકરર પ્રથમ ઓપલ અધિકારીને કાયદાની કલમ–૧૯(૧) હેઠળ પ્રથમ અપીલ કરવાની રહે છે જે તેણીએ અત્રેના કિસ્સામાં સ્વતંત્ર રીતે કરેલ નથી પરંતુ પર્સોનેલ ઓફિસર કોલેજને કરેલ અપીલની નકલ અત્રે રવાના કરેલ છે અને તેમાં તબદીલીના મુદ્દા અંગે નારાજગી વ્યકત કરેલ છે. તેમ છતાં તા.૧૧/૦૬/૧૮ ની બંને માહિતી અરજીની વિગતો તથા અરજદાર અને જાહેર માહિતી અધિકારી તેમજ ડીમ PIO ની સંયુકત વિગતો ધ્યાને લેતા બંને અરજીઓની માહિતી અને તેમની સામે નારાજગીના બંને અપીલના મુદ્દા સામે અપીલો ધ્યાને લઈ બંને અપીલોની એકીકરણ કરી સંયુકત હુકમ કરવાનું ઉચિત જણાય છે.

૨૧ મુદ્દા પૈકી અરજી સમયે મુદ્દા નં. ૧૯ થી ૨૧ માહિતી જાહેર માહિતી અધિકારી દ્વારા પ્રસ્તાવનામાં નિર્દિષ્ટ કર્યા મુજબ તથા મુદ્દા નં. ૧૬ની માહિતી અપીલનાા તબકકે જાહેર માહિતી અીધકારી દ્વારા આપવામાં આવેલ છે.

અરજદારના પૂરક પત્ર સાથેની ૧૧ મુદ્દાની અરજીની પ્રથમ અપીલ બાબતે મુદ્દા નં.૧૦ અને ૧૧ પ્રતિ વિવાદી નં.૧,૨ અને ૪ ને સ્પર્શતી છે જેની માહિતી જાહેર માહિતી અધિકારી દ્વારા તા. ૦૬/૦૮/૨૦૧૮ના પત્ર થી વિનામુલ્યે પ્રતિવિવાદી નં–૪ દ્વારા પૂરી પાડેલ વિગતે પુરી પાડેલ છે.આમ, પ્રસ્તુત કિસ્સામાં અરજદારને કલમ ૭(૬) હેઠળ વિલંબિત માહિતી વિનામુલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે તેથી હવે અપીલ તબકકે માહિતીના ઈન્કારનો કોઈ કેસ બનતો નથી.

અરજદારે અપીલમાં ઉપસ્થિત કરેલ અન્ય મુદ્દા જેવા કે, તબદીલીના કિસ્સામાં તબદીલ કરતા જાહેર માહિતી અધિકારી દ્વારા અપીલના મુદ્દા દર્શાવવા જોઈએ તે અંગે કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતા કાયદાની કલમ ૬ (૩) હેઠળ અરજદાર દ્વારા સંબંધિત જાહેર સત્તા મંડળને અરજી કરવાનું ઉત્તરદાયીત્વ અરજદાર પર નિર્ભર છે. અરજદારે સ્વયં તેણીની અરજીમાં નિર્દિષ્ટ કર્યા મુજબ તેણી ડોકટર છે જે પર્યાપ્ત શિક્ષિત છે. તે સંજાગોમાં કાયદાની કલમ ૬(૧) હેઠળ અરજદારે જે તે સ્પર્શતા મુદ્દા માટે જે તે જાહેર માહિતી અધિકારીને અરજી કરવી જોઈએ. આ અંગે પંજાબ માહિતી આયોગ તેમજ ગુજરાત માહિતી આયોગના ચૂકાદા પણ છે કે બહુવિધ જાહેર સત્તા મંડળ કે જાહેર માહિતી અધિકારીને સ્પર્શતી બાબતે તમામ જગ્યાએ અરજી તબદીલ કરવાનું ઉત્તરદાયીત્વ તબદીલકર્તા જાહેર માહિતી અધિકારી પર નિર્દિષ્ટ સંજોગોમાં લાદી શકાય નહી. તેમ છતા આર.ટી.આઈ. કાયદાના પારદર્શિતા અને જવાબદારીના ઉદ્દેશો/ઉત્તરદાયીત્વ ધ્યાને લેતા પ્રતિવિવાદી નં.૧ દ્વારા લાગુ મુદ્દાઓ સંબંધ કરતા જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ છે અને તેમાં આંશિક તબદીલી પણ જણાવેલ છે. અરજી સ્વીકારતા જાહેર માહિતી અધિકારી ને અરજી મળ્યેથી તેમને સ્પર્શતી માહિતી અંગે કાર્યવાહી કરવાનું ઉત્તરદાયીત્વ તેમના સ્વવિવેક નિર્ભર રહે છે.તેથી તબદીલ કરતા જાહેર માહિતી અધિકારી ઉપર નિશ્ચિત મુદ્દા કયા જાહેર સત્તા મંડળના છે કે કયા જાહેર માહિતી અધિકારીને સ્પર્શતા છે તે તબદીલ અરજીમાં નિર્દિષ્ટ કરવાનું ફરજ પાડવાનું ઉચિત ગણાય નહી. વાસ્તવમાં કલમ ૬(૧) મુજબ આ ઉત્તરદાયીત્વ સંબંધકર્તા જાહેર સત્તા મંડળ અને જાહેર માહિતી અધિકારી નકકી કરવાનું ઉત્તરદાયીત્વ અરજદારનું ગણાય.

અરજદારનો અન્ય મુદ્દો જાહેર માહિતી અધિકારી દ્વારા જાહેર માહિતી અધિકારીનું નામ, સંપર્ક નંબર તથા ઈ–મેલ તેમજ પ્રથમ અપીલ ની વિગત જણાવેલ નથી. તે બાબતે કલમ–૫ , ૬ અને ૭ સાથે ગુજરાત માહિતી નિયમ –૪ હેઠળ ઉપલબ્ધ વિગતો જણાવવી જોઈએ અને તેનું પાલન કરવાનું ઉત્તરદાયીત્વ જાહેર માહિતી અધિકારીને શીરે રહે છે.

તેણીની તા.૦૯/૦૮/૨૦૧૮ ના રોજથી ફરીવાર કરેલ કોલેજને સંબોધીને આપેલ પ્રથમ અપીલ જેની નકલ અત્રે આપેલ છે. તે ત્રણેય મુદ્દા ધ્યાને લેવામાં આવે તો નર્સીગ સ્ટાફ અને નર્સીગ સુપ્રિન્ટેન્ડન્ટ ફરજો અંગે નર્સિંગ

સુપ્રિન્ટેન્ડન્ટ કક્ષાએથી દફતરી માહિતી આપેલ છે. જે માહિતી તેમના રેકર્ડ પર નથી તે આપવાની રહેતી નથી. તેવી સ્પષ્ટ જોગવાઈ છે અને નર્સીંગ સુપ્રિન્ટેન્ડન્ટ દ્વારા તેઓના પત્રમાં એ પણ સ્પષ્ટ કરેલ છે કે દફતરી વિગતે તે મુકરર કરવામાં આવેલ નથી. જયારે પર્સોનેલ ઓફિસર ના કામગીરી અંગે તેમને સત્તા સોંપણીના હુકમની નકલ તેમને વિના મુલ્યે પુરી પાડેલ છે. જેથી તેણીના ૨૧ મુદ્દાની પ્રથમ અપીલ બાબતે પણ હોસ્પિટલ કક્ષાની દફતરી માહિતી દર્શાવેલ વિગતે પુરી પાડેલ છે.

## હુકમ

અરજદારે તેમની તા.૧૧/૦૬/૧૮ની અરજીથી માંગેલ મુદ્દા નં.૧૧ની માહિતી અરજી પૈકી મુદ્દા નં.૧૦ અને ૧૧ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હોસ્પિટલને સ્પર્શતા હોય તેમની કક્ષાએથી સદર બંને મુદ્દાની માહિતી વિલંબથી વિના મુલ્યે પૂરી પાડેલ હોય હવે તે અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

અરજદારે તેણીના તા.૧૧/૦૬/૨૦૧૮ની બીજી આર.ટી.આઈ.થી કરેલ ૨૧ મુદ્દા ની માહીતી અરજી જેના માટે તેણીએ મેડીકલ કોલેજને કરેલ પ્રથમ અપીલમાં નિર્દિષ્ટ કરેલ છે તે મુદ્દાઓની દફતરી વિગતોની માહિતી તારણમાં નિર્દિષ્ટ વિગતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ દ્વારા મુદ્દાનં.૧૬, ૧૯ થી ૨૧ માટે અરજદારને પૂરી પાડેલ હોય તે અંગે હવે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી પરંતુ મુદ્દા નં.૯,૧૩,૧૪ તથા ૧૫ની માહિતી આપેલ જણાતી નથી કે અપીલના તબકકે જાહેર માહિતી અધિકારી કે અનુમાનિત જાહેર માહિતી અધિકારી દ્વારા કોઈ પૂરક વિગતો કે માહિતી આપ્યાની વિગતો રજુ કરેલ નથી. જે ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરને ૨૧ મુદ્દાની સદર માહિતી પૈકી મુદ્દા નં.૯ હોસ્પિટલને સ્પર્શતી માહિતી તથા ૧૩ થી ૧૫ની દફતરી ઉપલબ્ધ માહિતી જરૂર જણાય દફતરી તપાસ સહિતનો પ્રસ્તાવ મૂકી દિન ૦૭માં આર.ટી.આઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિનામુલ્યે અરજદારને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરને જણાવવામાં આવે છે.

અરજદારની અત્રે સીધી કરેલ ૧૧મુદ્દાની માહિતી અંગેની તથા ૨૧ મુદ્દાની માહિતી બંને મુદ્દાના સંયુકત માહિતી માંગતી અરજીના મુદ્દાઓ પરત્વેની માહિતી બાબતે વધુમાં નીચે મુજબ પણ આદેશ કરવામાં આવે છે.

અરજદારની અપીલમાંથી રજુઆત અનુસાર જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરને જણાવવામાં આવે છે કે આર.ટી.આઈ. હેઠળના અરજદાર તેમજ પક્ષકારના પત્રવ્યવહારના જાહેર માહિતી અધિકારીનું નામ ,હોદ્દો , સરનામું ,અધિકૃત સંપર્ક નંબર અને પ્રાપ્ય હોય તો ઈ–મેલ એડ્રેસ અચૂક નિર્દિષ્ટ કરે.

પી.આઈ.ઓ. ને તેમજ ડીમ પી.આઈ.ઓ.ને એ પણ દોરવણી આપવામાં આવે છે કે કલમ –૪ (૧)(B) હેઠળ નિર્દિષ્ટ ૧૭ મુદ્દાની મહત્તમ માહિતી વેબસાઈટ પર અદ્યતન સ્વરૂપે પ્રદર્શિત કરવા કાળજી લે. જેથી તેટલા પ્રકારની માહિતી પારદર્શિતાના હેતુથી નાગરીકોને સ્વયં પ્રાપ્ય રહે.

આ સિવાય અરજદારની અન્ય કોઈ દાદ  ન હોય  વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અરજદારની બંને પ્રથમ અપીલ નો આખરી નિકાલ કરવામાં આવે છે.

આ હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન, સેકટર નં.–૧૦, ગાંધીનગર ખાતે મુખ્ય માહિતી કમિશ્નરશ્રીને દિન–૯૦ માં બીજી અપીલ કરવા હકદાર છે.

સ્મીમેર/ આઉટ/નં.
તા.

અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર
સ્મીમેર હોસ્પિટલ(સુરત મહાનગર પાલિકા)
ફોન નં.૨૩૬૮૦૪૦થી૪૪, એક્ષ.૨૦૦૭

અપીલ અરજી નં.૫૮
તા.૧૩/૦૮/૨૦૧૮

ફરીયાદી :– શ્રી પીંકલ પી. ઘીવાળા

પ્રતિ વિવાદી :– જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(સ્મીમેર હોસ્પિટલ)

**કેસની હકીકત :–**

અરજદાર પીંકલ પી. ઘીવાલા દ્વારા તા.૦૭/૦૭/૨૦૧૮ ની અરજીથી ૧ થી ૫ મુદ્દાની માહિતી માંગતી આર.ટી.આઈ.અરજી જાહેર માહિતી અધિકારી ,સુ.મ.પા. સુરતના નામથી કરવામાં આવેલી. જે પૈકી મુદ્દા નં.૧ થી ૫ માટે અરજદાર શ્રી પીંકલ પી. ઘીવાળાએ તા.૧૩/૦૮/૧૮ ના રોજ પ્રથમ અપીલ અરજીમાં મુદ્દા નં.૧ થી ૫ નો જવાબ આર.ટી.આઈ. અરજીની માહિતીની પૂર્તતા કરેલ નથી જેથી મુદ્દા નં.૧ થી ૫ની માહિતી વિનામૂલ્યે આર.ટી.આઈ. એકટ મુજબ મળવાપાત્ર છે તેમ જણાવેલ છે.

અરજદારે કાયદાની કલમ ૬(૧) હેઠળ સંબંધિત જાહેર સત્તા મંડળના જાહેર માહિતી અધિકારીને નિર્ધારીત ફિ સાથે અરજી કરવાની જોગવાઈ છે. અરજદારે વેસ્ટઝોનના જાહેર માહિતી અધિકારીને તા.૦૭/૦૭/૧૮ના રોજ અરજી કરેલ છે. અરજીમાં કોઈ ખાતાકીય વિભાગનુ નામ જણાવેલ નથી. તેમણે માહિતીમાં " સુ.મ.પા." તેવો શબ્દ પ્રયોગ કરેલ છે. વેસ્ટઝોન એ પણ મહાનગરપાલિકા નો ભાગ ધ્યાને લેતાં તેમને સુ.મ.પા.ની માહિતી વેસ્ટઝોન ખાતેથી મળેલ હોવાનુ પ્રથમ અપીલમાં સ્વીકારેલ છે. અરજદારે તેમની મુળ માહિતી માંગતી અરજીમાં કોઈપણ જગ્યાએ ખાતાકીય વિભાગનુ નામ નિર્દિષ્ટ કરેલ નથી. કલમ ૬(૧)ની જોગવાઈ મુજબ શબ્દ પ્રયોગ સંબંધિત 'જાહેર માહિતી અધિકારી' એક વચનમાં છે. અરજદારે અપીલ તબકકે સુ.મ.પા. મુદ્દા નં.૬(છ) નીચે મુજબ રજુઆત કરેલ છે.

"સુ.મ.પા. માત્ર રાંદેર ઝોનમાંથી સમગ્ર સુ.મ.પા.ની કચેરી, મુગલીસરા મેઈન ઓફિસ, તમામ ઝોન છે. તેથી વિના મુલ્યે તમામ ઝોન દ્વારા, મેઈન ઓફિસ દ્વારા તેમજ ખાતા/વિભાગ દ્વારા માહિતી આપવામાં આવે એવી નમ્ર રજુઆત છે."

આર.ટી.આઈ. હેઠળ પ્રથમ અપીલ કરવાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો કલમ ૧૯(૧) હેઠળ એવી જોગવાઈ છે, જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કલમ ૭ (૧) તથા ૩(એ) મુજબની સમય અવધીમાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ન મળેતો અથવા મળેલ માહિતીના નિર્ણયથી નારાજ થયેથી પ્રથમ અપીલ કરવાની જોગવાઈ છે. પ્રસ્તુત કેસમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેરએ તા.૧૪/૦૯/૧૮ના નીચે સહી કરનારને ઉદ્દેશીને આપેલ પત્રમુજબ તેઓને અરજદારની અરજી તબદીલી દ્વારા વેસ્ટઝોનના જાહેર માહિતી અધિકારીના પત્ર ૧૦૮૭ તા.૨૦/૦૮/૧૮થી અત્રે તા.૩૦/૦૮/૧૮ના રોજ મળેલ છે. કલમ ૭(૧)ની જોગવાઈ મુજબ જાહેર માહિતી અધિકારીને અરજી મળ્યાથી સામાન્ય સંજોગો હેઠળ શકય એટલી ત્વરાથી પરંતુ ૩૦ દિવસમાં નિકાલ કરવાની જોગવાઈ છે. જયારે કલમ ૭ (૩) (એ) માં જાહેર માહિતી અધિકારી દ્વારા દસ્તાવેજ ફિ માટે પત્ર પાઠવેલ હોય તો તે પાઠવેલ પત્ર અને અરજદારે નાણા ભર્યા એટલી સમય અવધી દિન ૩૦ના સમય માટે ગણાશે નહિ. તેવી જોગવાઈ છે. સ્મીમેર જાહેર માહિતી અધિકારી અને સેકશનઓફિસર દ્વારા તા.૧૪/૦૯/૧૮ના પત્રથી માહિતી મોકલવાની કાર્યવાહી અને માહિતીનો વિપુલ જથ્થો ધ્યાને લેતાં તપાસની સહિતની માહિતી આપવાની કાર્યવાહી ચાલુ હોવાનુ જણાવેલ છે. જાહેર માહિતી અધિકારીએ બચાવ કરેલ છે કે તેમને અરજી મળ્યાથી કલમ ૭(૧) મુજબ દિન ૩૦ની અવધી પૂર્ણ થયેલ નથી.

## કેસની વિગત પરથી તારણ

પ્રસ્તુત છે કે અરજદાર શિક્ષિત છે. અંગ્રેજી ભાષા સહિતના સાક્ષર હોવાનું તેમણે અરજીમાં તેમના નામ, સરનામાંનુ કરેલ અંગ્રેજી સ્ટેમ્પીંગ જણાય છે. જે ધ્યાને લેતાં અરજદાર કલમ ૬(૧) જાહેર માહિતી અધિકારી એકવચનમાં અરજી કરવાના શબ્દપ્રયોગની કાયદાની જોગવાઈ સામે કલમ ૭(૬) હેઠળનો બચાવ સહેતુક રીતે તબદીલી બાદ વિનામુલ્યે માહિતી મેળવવા કરે તે કાયદાના આમુખથી વ્યકત થયેલ વિભાવના " સરકારનું કાર્યશ્રમ , સંચાલન અને મર્યાદિત નાણાકીય સંશોધનોનો મહત્તમ ઉપયોગ સાથે આ કાયદાનું પાલન કરવાનું જે હાર્દ છે તે સાથે અરજદારનો બચાવ વ્યાપક જાહેર હિતમાં પ્રતિપાદિત થતો નથી. અરજદારની મૂળ અરજી વેસ્ટ ઝોનનાં જાહેર માહિતી અધિકારીને કરેલ હોય અરજદારની મુદ્દા નં. ૬ની દલીલ મુજબ જો તેઓ એક જાહેર સત્તા મંડળની દલીલ કરતા હોય તો તેવા કિસ્સામાં તેમણે તબદીલી કરનાર જાહેર માહિતી અધિકારીના વિરૂદ્ધમાં તેમના પ્રથમ અપિલ અધિકારીને અપીલ કરવી જોઈએ જ્યારે બે જાહેર માહિતી અધિકારીના અપીલ અધિકારી અલગ અલગ હોય ત્યારે અન્ય અપીલ અધિકારી બીજા અપીલ અધિકારી નિયંત્રણ હેઠળના જાહેર માહિતી અધિકારીને કોઈ આદેશ આપી શકે

નહિ. સાથેસાથે જાહેર માહિતી અધિકારીનો પૂરક પત્રથી કરેલ બચાવ "તેમને તબદીલી અરજી તા.૩૦/૦૮/૧૮ના રોજ મળેલ છે. જ્યારે અરજદારની અપીલ તા.૧૩/૦૮/૧૮ની અરજી ધ્યાને લેતા પૂરતો સમય આપતાં પહેલા અરજદારે અરજી કરેલ છે.

પ્રસ્તુત સંજોગોમાં કેસની સમગ્ર હકીકત ધ્યાને લેતા અપીલ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

સ્મીમેરના જાહેર માતિી અધિકારી અને સેકશન ઓફિસરને તા. ૩૦/૦૮/૧૮ના રોજ તબદીલીથી મળેલ આર.ટી.આઈ. અરજી અંગે અરજદારશ્રી પીંકલ ઘીવાળાની અરજી કાયદાની કલમ ૬(૧) સાથે ૭(૧), ૭(૩)(એ), ૭(૬) તથા ૧૯(૧) સાથે વાચતા વિશેષતઃ કલમ ૧૯(૧) અને ૭(૧) ધ્યાને લેતાં અપરિપકવ (Pre Mature) સમયની અપીલનુ કારણ ઉપસ્થિત થતાં પહેલાંની હોય દફતરે કરવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરના અપીલ દરમ્યાનના પુરક પત્ર પ્રમાણે માહિતી મળ્યા પછી જો અરજદારને નારાજગી હોય અથવા કલમ ૭(૧) અને ૧૯ (૧) સાથે વાંચતા સમય અવધી મુજબ અપીલનુ કારણ ઉત્પન્ન થઈ અરજદાર અલાયદી રીતે અપીલ કરવા સ્વતંત્ર છે.

સ્મીમેર/ આઉટ/નં.
તા.

અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર
સ્મીમેર હોસ્પિટલ(સુરત મહાનગર પાલિકા)
ફોન નં.૨૩૬૮૦૪૦થી૪૪, એક્ષ.૨૦૦૭

અપીલઅરજી નં.૨૦૧૮૫૦૦૦૦૯૨
તા.૦૫/૧૨/૨૦૧૮

અરજદાર :– શ્રી વિપુલભાઈ દેસાઈ/ જગદીશભાઈ

સામાવાળા :–૧. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (સ્મીમેર હોસ્પીટલ)

૨. અનુમાનિત PIO અને સીની. આર.એમ.ઓ. (સ્મીમેર હોસ્પીટલ)

૩. અનુમાનિત PIO અને એચ.ઓ.ડી. પિડીયાટ્રીક વિભાગ(સ્મીમેર હોસ્પિટલ)

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :**–આર.ટી.આઈ. એકટ હેઠળ કોમ્પ્યુટર આઈ.ડી.નં.૯૩૯ (૫૦૦/૯૫૮૦)ની શ્રી વિપુલભાઈ દેસાઈ/ જગદીશભાઈની તા.૦૩/૧૧/૨૦૧૮ ની માહિતી માંગતી અરજી બાબતે પ્રથમ અપીલ

**સંદર્ભ :**–અત્રેના કચેરીના નમૂનો–ગ પત્ર ક્રમાક : સ્મીમેર/હોસ્પી./આઉટ/નં.૪૭૭૬, તા.૦૧/૦૧/૨૦૧૯.

જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ અરજદાર શ્રી વિપુલ દેસાઈ દ્વારા તા.૦૩/૧૧/૨૦૧૮ ના રોજ ઈસ્ટઝોન આઈ.ટી.આઈ.સેલ/આઈ.ડી./નં.૦૯૩૯ (૫૦૦/૯૫૮૦) થી નોંધયેલ અરજી પી.આઈ.ઓ., સ્મીમેરને તા.૧૩/૧૧/૨૦૧૮ ના રોજ મળેલ સદર અરજી અંગે પી.આઈ.ઓ. અને એસ.ઓ. ના જણાવ્યા મુજબ માહિતી પુરી પાડવા માટે વહીવટી વિભાગમાં ફાઈલ મળી આવતી ન હોય સીની.આર.એમ.ઓ.શ્રીને સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૪૦૬૮, તા.૧૯/૧૧/૧૮થી તેમજ પ્રોફેસર એન્ડ (પિડીયાટ્રીક વિભાગ) ને સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૪૩૫૨, તા.૦૫/૧૨/૧૮ થી મુદ્દા નં.૧ થી ૪ની માહિતી રજુ કરવા અંગે જાણ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર ફાઈલ મળી આવતા આ અંગેની માહિતી બાબતે અનુમાનિત પી.આઈ.ઓ.અને એચ.ઓ.ડી.,પિડીયાટ્રીક (સ્મીમેર હોસ્પિટલ) તેમજ અનુમાનિત પી.આઈ.ઓ.અને સીની.આર.એમ.ઓશ્રીને

સ્મીમેર/હોસ્પિ./આઉટ/ નં.૪૬૦૫, તા.૧૯/૧૨/૧૮ થી જણાવવામાં આવેલ જે અંગે એચ.ઓ.ડી. પિડીયાટ્રીક/સ્મીમેર/આઉટ/નં.૪૧૪, તા. ૨૬/૧૨/૧૮થી આ અંગેનો પત્ર મળેલ છે. તેમજ સીની.આર.એમ.ઓ. દ્વારા તા.૨૧/૧૨/૧૮ના રોજ આ અંગેની સ્પષ્ટતા અત્રે મળેલ છે. આ બાબતે આર.એમ.ઓ.શ્રી નરેશભાઈ રાણા ના સંકલનમાં રહી પી.આઈ.ઓ. અને એસ.ઓ. દ્વારા અરજદારને તા.૦૧/૦૧/૨૦૧૯ ના રોજ સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૪૭૭૬થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. તેમજ તપાસ કમિટીના રીપોર્ટના પાના નં.૧ની નકલ વિના મૂલ્યે પરી પાડવામાં આવેલ છે. સદર અરજદાર દ્વારા થયેલ મૂળ અરજી અન્વયે પ્રત્યુત્તર આપવામાં થયેલ વિલંબ બાબતે પી.આઈ.ઓ. અને એસ.ઓ. દ્વારા સ્પષ્ટતા કરેલ કે સદર ફાઈલની ઘણી શોધખોળ કરવા છતાં અત્રે મળી આવેલ નહી. ત્યારબાદ સદર ફાઈલ મળી આવતા અને સદર માહિતી આપવા બાબતે અનુમાનિત પી.આઈ.ઓ.શ્રીઓ સંલગ્ન હોય સ્પષ્ટતા કર્યા બાદ સદર માહિતી અરજદારને વિલંબથી વિન મૂલ્યે પુરી પાડવામાં આવેલ છે. એવી અત્રેની સ્પષ્ટતા અપીલ તબકકે મળેલ છે. તેની સાથે અરજદારની મૂળ અરજી તેમજ અનુમાનિત પી.આઈ.ઓ.શ્રીઓ પાઠવવામાં આવેલ પત્રોની નકલ અને તેઓ દ્વારા આપવામાં આવેલ જરૂરી સ્પષ્ટતાના પત્રોની નકલ સામેલ કરેલ.

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ તા.૦૫/૧૨/૧૮ નાં રોજ દાખલ કરવામાં આવેલ. જે ઈઝેડ/આરટીઆઈસેલ/એફએપી નં.૧૨૮, તા.૦૬/૧૨/૧૮ નાં રોજ મળેલ છે. જે અત્રે સ્મીમેર / હોસ્પિ./ઈન.નં.૫૬૯૧, તા.૧૧/૧૨/૧૮ નાં રોજ મળેલ છે. અરજદાર ધ્વારા તા.૧૦/૦૧/૧૯ નાં પત્રથી મળેલ માહિતી અધુરી છે એવુ જણાવેલ. તેઓએ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ એવી રજુઆત કરેલ છે. આ અંગે તા.૧૦/૦૧/૧૯ નાં રોજ અત્રેનાં પત્ર નં.૪૯૪૨ થી સ્પીડ પોસ્ટથી પત્ર પાઠવવામાં આવેલ છે. તેમને મળી ગયેલ. તદઉપરાંત પ્રોસીકયુશન હેડ કલાર્કનાં મો.નં.૭૯૯૦૦૨૭૯૧ પરથી તા.૧૫/૦૧/૧૯ ના રોજ એસએમએસ ધ્વારા પણ સવારે ૧૧:૨૭ કલાકે સુચિત કરવામાં આવેલ, જેનુ સ્ક્રીન શોર્ટ પ્રિન્ટ ફાઈલમાં સામેલ છે.તા.૧૬/૦૧/૧૯ નાં રોજની રૂબરૂ સુનાવણી દરમ્યાન બપોરે ૧૨:૫૫ કલાક સુધી અરજદાર હાજર રહેલ નથી. અરજદારશ્રી ધ્વારા સુનાવણીના પત્રના અનુસંધાને પત્ર ધ્વારા કે એસએમએસ ધ્વારા સુનાવણીમાં હાજર રહેવા માંથી મુકિત આપવા કોઈ રજુઆત નથી. તેમજ સુનાવણીનાં પત્રમાં નિર્દિષ્ટ વિગતે તેમણે અપીલમાં અધુરી માહિતી હોવાનુ જણાવેલ છે. પરંતુ તે અંગે મુળ માહિતી માંગેલ અરજીના મુદ્દા અનુસાર કઈ માહિતી કેટલા પ્રમાણમાં અધુરી છે તેવી કોઈ લેખિત રજુઆત પણ કરેલી નથી.

સુનાવણી તબકકે નિર્ધારીત ૧૨ઃ૩૦ નાં સમયે અરજદારશ્રી સિવાય નીચેના પક્ષકારો હાજર રહેલ છે.

(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, સ્મીમેરશ્રી એસ.સી.જોષી.

(૨) અનુમાનિત પી.આઈ.ઓ. અને સીની.આર.એમ.ઓ.નાં પ્રતિનિધિ આર.એમ.ઓ.શ્રી ડો.નરેશ રાણા

(૩) અનુમાનિત પી.આઈ.ઓ. અને એચ.ઓ.ડી. પીડીયાટ્રીક વિભાગનાં પ્રતિનિધિ, એડી–પ્રોફેસર અને

ડો.શ્રી રાજીવ પ્રસાદ .

પી.આઈ.ઓ. તરફે હાજર તમામ પક્ષકારો ધ્વારા અરજદારની અધુરી માહિતી સંદર્ભે રજુઆત કરેલ છે કે અરજદારે મુળ અરજીથી ચાર મુદ્દાની માહિતી માંગેલ અને ચારેય મુદ્દાની દફતરી ઉપલબ્ધ માહિતી પારસ્પારીક સંકલનથી પુરી પાડવામાં આવેલ છે.જેથી માહિતીના ઈન્કારનો કે અધુરી માહિતી આપવા બાબતનો કોઈ પ્રશ્ન નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી અને પ્રથમ અપીલ અંગે રાખવામાં આવેલ સુનાવણીમાં જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, અનુમાનિત પી.આઈ.ઓ. અને સીની.આર.એમ.ઓ.નાં પ્રતિનિધિ આર.એમ.ઓ.શ્રી ડો.નરેશ રાણા તેમજ અનુમાનિત પી.આઈ.ઓ. અને એચ.ઓ.ડી. પીડીયાટ્રીક વિભાગનાં પ્રતિનિધિ, એડી–પ્રોફેસર અને ડો.શ્રી રાજીવ પ્રસાદની રજુઆત તેમજ અરજદાર ધ્વારા અપીલ તેમજ તા.૧૦/૦૧/૧૯ નાં પત્રમાં અધુરી માહિતી હોવા બાબતની રજુઆત અંગે તેઓ રૂબરૂ સુનાવણી દરમ્યાન ઉપસ્થિત રહેલ ન હોય અને માહિતી બાબતે સ્પષ્ટતા કરવા અંગે નિષ્ફળ રહેલ હોય, જેથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો મુખ્ય માહિતી કમિશ્નર, ગુજરાત રાજય માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજયકક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

(એચ.એસ.ભાવસાર)

અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર

સ્મીમેર હોસ્પીટલ

સુરત મહાનગરપાલિકા

નં.સ્મીમેર/આઉટ/

તા.    /૦૧/૨૦૧૯

અપીલઅરજી નં.૨૦૧૮૩૦૦૦૬૭૪

તા.૧૯/૦૧/૨૦૧૯

**અરજદાર** :– શ્રી મોંહમદ ઈકબાલ શેખ, પ્રમુખ, સુરત સુધરાઈ કામદાર (સ્ટાફ) મંડળ

**સામાવાળા** :–૧. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (સ્મીમેર હોસ્પીટલ)

૨. અનુમાનિત PIO અને સીની. આર.એમ.ઓ. (સ્મીમેર હોસ્પીટલ)

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :**–આર.ટી.આઈ. એકટ હેઠળ કોમ્પ્યુટર આઈ.ડી.નં. (૩૦૦/૩૭૨૩૨)ની શ્રી મોંહમદ ઈકબાલ શેખની તા.૧૯/૦૧/૨૦૧૯ ની માહિતી માંગતી અરજી બાબતે પ્રથમ અપીલ

**સંદર્ભ :**–અત્રેના કચેરીના નમૂનો–ગ પત્ર (૧) ક્રમાક : સ્મીમેર/હોસ્પી./આઉટ/નં.૫૧૩૬, તા.૨૧/૦૧/૨૦૧૯ , (૨) ક્રમાક : સ્મીમેર/હોસ્પી./આઉટ/નં.૫૫૨૫, તા.૧૨/૦૨/૨૦૧૯

જાહેર માહિતી અધિકારના અધિનિયમ–૨૦૦૫ હેઠળ અરજદાર શ્રી મોંહમદ ઈકબાલ શેખ ધ્વારા તા.૫/૧૨/૨૦૧૮ ના રોજની ૧ થી ૯ મુદ્દાની માહિતી માંગતી સીવીક સેન્ટર, સેન્ટ્રલ ઝોન ખાતે આપેલ. જે સીવીક સેન્ટર, સેન્ટ્રલ ઝોન ધ્વારા આઈ.ડી.નં.૩૦૦/૩૭૨૩૨ થી અત્રે તબદીલ કરવામાં આવેલ અને તે તા.૧૦–૧૨–૧૮ ના રોજ અત્રેના જાહેર માહિતી અધિકારીને મળેલ. જે અરજી અંગે સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં. સ્મીમેર/હોસ્પિ/આ.નં./૫૧૩૬ તા.૨૧–૧–૧૯ થી અરજદારને પ્રત્યુત્તર પાઠવેલ. સાથેસાથે મુદ્દા નં.૫ અને ૬ ની નહિ આપેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા સીની.આર.એમ.ઓ. અને અનુમાનિત જાહેર માહિતી અધિકારીને તા.૨૩–૧–૧૯ ના પત્રથી તેઓ કક્ષાની માહિતી રજુ કરવા પત્ર પાઠવેલ. જે સીની.આર.એમ.ઓ. ધ્વારા તા.૪–૨–૧૯ થી વિગતો પૂરી પાડેલ અને તેના અનુસંધાને સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમના પત્ર નં. સ્મીમેર/હોસ્પિ/આ.નં./૫૫૨૫ તા.૧૨–૨–૧૯ થી અરજદારને પૂરક માહિતી વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલ.

આ દરમ્યાન અરજદાર ધ્વારા તેમની તા.૧૯–૧–૧૯ ની પ્રથમ અપીલથી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પાડેલ માહિતી અંગે નારાજગી વ્યકત કરી ૧ થી ૯ મુદ્દા માટે પ્રથમ અપીલ કરેલ.

પ્રથમ અપીલના અનુસંધાને પ્રથમ અપીલ અધિકારી ધ્વારા તા. ૨૪–૧–૧૯ નાં પત્ર નં.સ્મીમેર/હોસ્પિ/આ.નં.૫૨૧૩ અને ૫૨૧૪ થી અનુક્રમે સીની. આર.એમ.ઓ. અને અનુમાનિત જાહેર માહિતી અધિકારી તેમજ સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પ્રથમ અપીલના અનુસંધાને સઘળા મુદ્દાઓ અંગે પૂર્તતા અહેવાલ રજુ કરવા જણાવેલ. સાથેસાથે વિલંબિત માહિતી અંગે કોઈ વ્યાજબીપણુ હોય તો તેના આધાર પૂરાવા સહિત રજુ કરવા જણાવેલ.

ઉકત પત્રના અનુસંધાને સીની.આર.એમ.ઓ. અને અનુમાનિત જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂર્તતા અહેવાલ મળેલ નથી. જયારે સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમના તા.૧૩–૨–૧૯ ના પત્ર નં.સ્મીમેર/હોસ્પિ/આ.નં./૫૫૫૧ થી જણાવેલ છે કે, બાકી મુદ્દા નં.૫ અને ૬ અંગે તા.૧૨–૨–૧૯ ના રોજ અરજદારને સીની.આર.એમ.ઓ. તરફથી રજુ કરેલ વિગતે માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીની ઉકત લેખિત રજુઆત અન્વયે અરજદારને પણ તેમનો પક્ષ રજુ કરવા ફરિયાદ તક મળે તે હેતુથી તા.૧૫–૨–૧૯ ના પત્ર નં. સ્મીમેર/હોસ્પિ/આ.નં./૫૬૬૦ થી પૂરક પત્રથી મળેલ માહિતી અંગે કોઈ નારાજગી હોય તો સમર્થનના આધાર સહિત દિન–૫ માં વિગતો પૂરી પાડવા પત્ર પાઠવેલ. જેના અનુસંધાને અરજદાર સુરત સુધરાઈ કામદાર (સ્ટાફ) મંડળ ના પ્રમુખશ્રી ઈકબાલ મોહંમદ શેખ તથા મહામંત્રી શ્રી દેવેન્દ્ર પ્રજાપતિની સહીથી પત્ર પાઠવેલ કે તેમને અધૂરી અને ગેરમાર્ગે દોરનારી માહિતી મળેલ છે. જેથી માંગ્યા મુજબની માહિતી વિના મૂલ્યે અપાવવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

અરજદારના સદર પત્રના અનુસંધાને બંને પક્ષકારોને તેમની રજુઆત અંગે યોગ્ય અને વ્યાજબી તક મળે તે હેતુથી તા.૨૦–૨–૧૯ ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે રૂબરૂ સુનાવણી રાખવા તમામ પક્ષકારોને અત્રેના પત્ર નં.સ્મીમેર/હોસ્પિ/આ.નં.૫૭૪૮ તા.૧૬–૨–૧૯ થી પત્ર પાઠવવામાં આવેલ અને તમામ પક્ષકારોને જણાવેલ કે, તેમની રજુઆત સમર્થનમાં જરુરી આધાર પુરાવા સહિત નિયત સુનાવણીમાં ઉપસ્થિત રહે.

તા.૨૦–૨–૧૯ ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે સ્મીમેર હોસ્પિટલ ખાતે પર્સોનેલ ઓફિસર અને પ્રથમ અપીલ અધિકારીની કેબીનમાં નીચે મુજબના પક્ષકારો હાજર રહેલ.

**અરજદાર** : શ્રી મોંહમદ ઈકબાલ શેખ, પ્રમુખ, સુરત સુધરાઈ કામદાર (સ્ટાફ) મંડળ તેમજ તેમના સાથી શ્રી દેવેન્દ્ર પ્રજાપતિ

**પ્રતિપક્ષકાર** : (૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ

(૨) અનુમાનિત પી.આઈ.ઓ. અને સીની.આર.એમ.ઓ.ના પ્રતિનિધિ

આર.એમ.ઓ. ડો.સંદીપ ગુપ્તા

સુનાવણી દરમ્યાન થયેલ રોજકામની વિગતે અરજદાર ધ્વારા જે રજુઆત કરી અને પ્રતિપક્ષકાર ધ્વારા જે બચાવ કરવામાં આવેલ તે મુદ્દાવાર નીચે મુજબ છે.

<u>અરજદારના મુદ્દા નં.૧ અને ૨</u> : આ અન્વયે તેમની તા.૨૪/૧૦/૧૮ અને તા.૩૧/૧૧/૧૮ની મે.કમિશ્નરશ્રીને આપેલ આવેદન પત્ર અન્વયે શું કાર્યવાહી થઈ તેની નકલો મળેલ નથી તેવી રજુઆત છે.

આ બાબતે પી.આઈ.ઓ.ને પૂછતા તેમણે જણાવેલ છે કે, પત્ર નં.૫૧૩૬, તા.૨૧/૦૧/૧૯ થી પ્રત્યુત્તર આપેલ છે કે આ બાબત કાર્યવાહી હેઠળ પડતર હોય કલમ ૮ (૧) (એચ) હેઠળ અરજદારને આપી શકાય તેમ નથી તેવું જણાવેલ.

પ્રથમ અપીલ અધિકારી તરફથી પી.આઈ.ઓ.ને પૂછવામાં આવે છે કે, હાલ શું પરિસ્થિતિ છે. જે અંગે સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીએ જણાવેલ કે, –

સદર કર્મચારીના નિવેદનો વિરોધાભાસી હોવાથી અને આ બાબતે વીજસલન્સ વિભાગ દ્વારા સદર કામના કાગળો મંગાવેલ હોવાથી સક્ષમ સત્તાએ નિર્ણય અર્થે પડતર છે.

અરજદાર જણાવે છે કે, સમયમર્યાદામાં જવાબ મળેલ નથી.

<u>મુદ્દા નં.૩</u> : આ અન્વયે આપેલ માહિતીથી નારાજગી વ્યકત કરી અરજદાર આજે પણ માહિતી ન મળ્યાનું જણાવે છે.

પી.આઈ.ઓ./એસ.ઓ. આ અંગે જણાવે છે કે, મુદ્દા નં.૩ માં મજકુર કર્મચારી શ્રી અમિતાબેનની અરજીમાં પણ ૧ અને ૨ ના પ્રકરણનો ભાગ છે જેથી એકત્રિત ધોરણે અપવાદરૂપ હેઠળ હોવાનો પ્રત્યુત્તર આપેલ, કારણ કે તે સમયે નિર્ણયાધીન હતી. તેઓ આજે પણ જણાવે છે કે, વીજીલન્સ વિભાગના સંદર્ભના અનુસંધાને અત્રે પણ મુદ્દા નં.૧ અને ૨ સાથે વીજીલન્સને રવાના કરેલ છે.

મુદ્દા નં.૪ : જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર જણાવે છે કે, સીસીટીવી ફુટેજનું બેકઅપ દિન–૩૦ થી વધુ રહેતું ન હોય માહિતી અરજીની તારીખે દફતરે ઉપલબ્ધ ન હોઈ આપવાનો પ્રશ્ન નથી, તે ધ્યાને લેતાં અરજદારને આ અંગે સીસીટીવી ફુટેજ અંગે કોઈ તકરાર નથી.

મુદ્દા નં.૫ : આ બાબતે અરજદાર જણાવે છે કે, આજદીન સુધી અમાને કોઈ માહિતી મળેલ નથી.

આ બાબતે પી.આઈ.ઓ અને સેકશન ઓફિસર જણાવે છે કે, અરજીનાં પ્રત્યુત્તર આપતી વખતે હાલ પ્રકાશિત સ્વરૂપે અત્રેના દફતરે ન હોય તેમજ પ્રો એકટીવ ડીસ્કલોઝરમાં પણ મુકાયેલ ન હોય દફતરી ઉપલબ્ધ વિગતે સદર પ્રત્યુત્તર પાઠવેલ.

અપીલ અધિકારી તરફથી પી.આઈ.ઓ. અને સેકશન ઓફિસર તેમજ અનુમાનિત પી.આઈ.ઓ. અને આર.એમ.ઓ. ડો.સંદીપ ગુપ્તાને પૃચ્છા કરેલ છે કે, આ બાબત આર.ટી.આઈ.ના કાયદા ૨૦૦૫ની કલમ ૪ (૧) (બી) હેઠળ વેબસાઈટ ઉપર તેમજ પ્રકાશિત સ્વરૂપે પ્રસિધ્ધ કરવાની છે તો તે અંગે કોઈ પ્રગતિ છે કે કેમ ? અંગે ડો.સંદીપ ગુપ્તા જણાવે છે કે, આ અંગે સીની.આર.એમ.ઓ. અને મેડીકલ સુપ્રિ.શ્રી સાથે પરામર્શ કરી ઘટતી કાર્યવાહી કરવામાં આવે છે.

અરજદાર જણાવે છે કે, પૂરક માહિતીથી જે પ્રત્યુત્તર આપેલ છે તે સંતોષકારક નથી. કારણ કે, તેમાં ઠરાવ નં.૨૧૩ની જનરલ જોગવાઈ જણાવી દીધેલ છે. વાસ્તવમાં હોદ્દાને અનુરૂપ ફરજો અન્વયે માહિતી માંગેલ છે જે મળેલ નથી. અરજદાર આ તબકકે એ પણ જણાવે છે કે, પૂરક માહિતીમાં પી.આઈ.ઓ.એ જે ઠરાવનો ઉલ્લેખ કરેલ જે ૬૦૯/૮૪ અને ૨૧૩/૮૦ ની નકલો પ્રત્યુત્તર સાથે પી.આઈ.ઓ.એ પાઠવેલ નથી.

જાહેર માહિતી અધિકારી જણાવે છે કે, સુનાવણીના તબકકે આ બંને ઠરાવની નકલો પૈકી હાથ પર ઠરાવ નં.૨૧૩/૮૦ છે તે અરજદારને હાથોહાથ આપેલ છે.

મુદ્દા નં.૬ : આ અંગે હોદ્દા પ્રમાણે પોસ્ટની સંખ્યા આપેલ છે પરંતુ વોર્ડબોય અને સફાઈ કામદારની વિગતો આપેલ નથી.

જેના પ્રત્યુત્તરમાં અનુમાનિત પી.આઈ.ઓ. ડો.સંદીપ ગુપ્તા જણાવે છે કે અ.નં.૫ની વિગતે આટલા ભાગ પુરતું તેમની રજુઆત યથાવત રાખે છે.

મુદ્દા નં.૭ : આ અંગે અરજદાર જણાવે છે કે, માંગેલ માહિતીના છેલ્લા ભાગ આસી.નર્સીગ સુપ્રિ.એ શું શું ફરજ બજાવવાની હોય છે. તેની કોઈ માહિતી મળેલ નથી.

ઉકત બાબતે પી.આઈ.ઓ./એસ.ઓ. જણાવે છે કે, સંબંધિત વિભાગના પરામર્શમાં દિન–૧૦માં અરજદારને માહિતી વિના મૂલ્યે પુરી પાડશે.

મુદ્દા નં.૮ : પ્રશ્ન હેઠળના કિસ્સા સિવાય (શ્રી અમિતા વરીયાવાલાના કેસ સિવાય) શ્રી સ્ટેલાબેન પરમાર વિરુધ્ધ આવેલ અન્ય અરજીઓની માહિતી અમને પુરી પાડેલ નથી.

પી.આઈ.ઓ. અને એસ.ઓ. જણાવે છે કે, પ્રશ્ન હેઠળના કિસ્સા સિવાય અન્ય કોઈ બાબત દફતર પર ઉપલબ્ધ ન હોય આપવાનો પ્રશ્ન રહેતો ન હોય, નકારેલ છે.

મુદ્દા નં.૯ : આ અંગે અરજદાર જણાવે છે કે, ફોટો વાયરલ કરવાની બાબતમાં અમને કોઈ માહિતી મળેલ નથી.

પી.આઈ.ઓ./ એસ.ઓ. જણાવે છે કે, દફતરે માહિતી ઉપલબ્ધ ન હોય આપેલ નથી.
એસ.ઓ. પુનઃ આ તબકકે જણાવે છે કે, આવી કોઈ બાબત આજે પણ મારા ધ્યાને નથી.
ચર્ચાના અંતે અરજદાર મુદ્દા નં.૯ અંગે જણાવે છે કે, મુદ્દા નં.૯ અંગે તેમને કોઈ તકરાર નથી.

## સુનાવણી દરમ્યાન પક્ષકારોની રજુઆત અન્વયે અપીલના મુદ્દાઓ અંગે તારણ :

<u>મુદ્દા નં.૧,૨,૩</u> જાહેર માહિતી અધિકારી તથા સેકશન ઓફિસરના પ્રત્યુત્તર બાબતે તેમણે પાઠવેલ પ્રત્યુત્તર મુજબ કાર્યવાહી હેઠળ પડતર હોય કલમ–૮(૧)(એચ) હેઠળ આપી શકાય તેમ ન હોય અને વીજીલન્સ વિભાગને સદર બાબતે રવાના કરેલ હોય આ બાબતે હવે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

<u>મુદ્દા નં.૪</u> બાબતે અરજદારને સી.સી.ટી.વી.ફુટેજનું બેકઅપ દિન–૩૦ નું જ રહેતું હોવાથી તથા તે પછી ઓટો ડીલીટ થતું હોવાથી અરજીની તારીખે માહિતી ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. તેવી અનુમાનિત જાહેર માહિતી અધિકારીની રજુઆત અંગે હવે કોઈ તકરાર રહેતી નથી. વાંધો ન હોય કાર્યવાહી કરવાની રહેતી નથી.

<u>મુદ્દા નં.૫</u> આ બાબત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરના પ્રત્યુત્તર મુજબ માંગેલ માહિતી પ્રકાશિત સ્વરુપે દફતરે ન હોય પ્રોએકટીવ ડીસ્કલોઝરમાં મૂકાયેલ નથી. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર તેમજ અનુમાનિત જાહેર માહિતી અધિકારી અને સીની.આર.એમ.ઓ.ના પ્રતિનિધિ ડો.સંદીપ ગુપ્તાને આર.ટી.આઈ.કાયદાની કલમ–૪(૧)(બી) હેઠળ સક્ષમ સત્તાના પરામર્શમાં રહી ઘટિત કાર્યવાહી કરવા તાકીદ કરવાની રહે.

<u>મુદ્દા નં.૬</u> બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર ધ્વારા પ્રોએકટીવ ડીસ્કલોઝર અંગે પ્રત્યુત્તર બાબતે મુદ્દા નં.૫ માં થયેલ રજુઆત યથાવત રાખેલ હોય મુદ્દા નં.૫ મુજબ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર તેમજ અનુમાનિત જાહેર માહિતી અધિકારી અને સીની.આર.એમ.ઓ.એ તાકીદે કાર્યવાહી કરવાની રહે.

<u>મુદ્દા નં.૭</u> અંગે માંગેલ માહિતીના છેલ્લા ભાગ પૂરતું મૂળ અરજીમાં જણાવેલ સંબંધિત આસી.નર્સિંગ સુપ્રિ. તબકકે તેઓએ કઈ ફરજો બજાવવાની છે તે અંગે સંબંધિત વિભાગના પરામર્શમાં રહી સુનાવણી દરમ્યાન આપેલ દિન–૧૦ ની સમયમર્યાદામાં અરજદારને સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા બાકી આંશિક માહિતી વિના મૂલ્યે માહિતી પૂરી પાડવાની રહે છે.

<u>મુદ્દા નં.૮</u> – શ્રી સ્ટેલા પરમાર વિરુધ્ધ આવેલ અરજીઓ, લેખિત ફરિયાદ વિગેરે બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર ધ્વારા જણાવેલ છે કે, પ્રશ્ન હેઠળની બાબત સિવાય અન્ય કોઈ વિગતો દફતર ઉપર ઉપલબ્ધ ન હોય આપવાનો પ્રશ્ન રહેતો નથી.

<u>મુદ્દા નં.૯</u>  – સુરત મહાનગરપાલિકાના કોઈ પણ અધિકારી કે કર્મચારી ધ્વારા તાબાના કર્મચારીના ફરજના સ્થળે મોબાઈલમાં ફોટો પાડવાની  તેમજ ગૃપમાં મૂકવાની / વાયરલ કરવાની સત્તા આપવામાં આવી છે ખરી અને તે  અંગે શું પગલા લઈ શકાય વિગેરે અંગે અરજદારે માહિતી નહિ મળ્યાનું જણાવે છે જયારે સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી  સુનાવણી દરમ્યાન જણાવે છે કે, આવી બાબત દફતરે ઉપલબ્ધ ન  હોવાનું તેમજ  અરજદારે પણ આર.ટી.આઈ.ની માહિતીની જોગવાઈ ધ્યાને લેતાં સુનાવણી દરમ્યાન અંતે જણાવેલ છે કે, મુદ્દા નં.૯ અંગે હવે તેમને કોઈ તકરાર નથી.

## હુકમ

મૂળ અરજી, પ્રથમ અપીલ તથા સુનાવણી દરમ્યાન રજુ થયેલ પક્ષકારોની વિગતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો આખરી નિકાલ કરવામાં આવે છે.

મુદ્દા નં.૧ થી ૩ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરના પ્રત્યુત્તરમાં વિવાદને સ્થાન નથી. તેમણે જે સમયે પ્રત્યુત્તર આપ્યો તે સમય અને સ્થિતિએ તેમનો નિર્ણય યથાયોગ્ય હોવાનું પ્રતિપાદિત થતું હોય તે અંગે કોઈ આદેશ કરવાનો રહેતો નથી.

મુદ્દા નં.૪,૮ તથા ૯ – દફતર પર માહિતી ઉપલબ્ધ નહિ હોય આપવાનો પ્રશ્ન અસ્થાને છે.

મુદ્દા નં.૭ ની આંશિક નહિ પૂરી પાડેલ માહિતી દિન–૧૦ માં દફતરી વિગતે અરજદારને વિના મૂલ્યે પૂરી પાડવા સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને આદેશ કરવામાં આવે છે.

મુદ્દા નં.૫ અને ૬ – અનુક્રમે વોર્ડબોય, સફાઈ કામદાર અને આયાની કામગીરી અને ફરજોને લગતી માહિતી જે વાસ્તવમાં સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતી છે અને તે વેબસાઈટ પર પણ પ્રસિધ્ધ કરવાની રહે છે પરંતુ સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તેમજ આર.એમ.ઓ. અને અનુમાનિત જાહેર માહિતી અધિકારી ધ્વારા સુનાવણી તબકકે કેફિયત રજુ કરેલ છે કે, તેમની પાસે એકત્રિત સ્વરૂપની આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી, જેથી આપેલ નથી. તેથી તે અત્રેના આર.ટી.આઈ. કાયદાની કલમ–(૨) (F) તથા (J) માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા ધ્યાને લેતાં પ્રસ્તુત તબકકે કોઈ આદેશ નથી. પરંતુ સુનાવણી દરમ્યાન બંને પ્રતિપક્ષકારોએ આપેલ કેફિયત મુજબ સક્ષમ સત્તાના પરામર્શમાં કામગીરી અને ફરજોની વિગતો તૈયાર કરી અને સ્વયં જાહેર કરવા  વેબસાઈટ ઉપર મૂકવા બાંહેધરી આપેલ છે. તે ધ્યાને લેતાં બંને પ્રતિપક્ષકારોની આ દિશામાં દિન–૩૦ ની અવધિમાં કાર્યવાહી સંપન્ન કરવા આદેશ કરવામાં આવે છે.

અરજદારને સદરહુ હુકમથી નારાજગી હોય તો, આરટીઆઈ કાયદાની કલમ –૧૯(૩) હેઠળ દિન–૯૦ માં મુખ્ય માહિતી કમિશ્નર, ગુજરાત રાજય માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને બીજી અપીલ કરવા હકકદાર છો.

(એચ.એસ.ભાવસાર)
અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર
સ્મીમેર હોસ્પીટલ
સુરત મહાનગરપાલિકા

નં.સ્મીમેર/આઉટ/
તા. /૦૨/૨૦૧૯

અપીલ અરજી નં..................

તા.........................

અરજદાર :– શ્રી વિપુલભાઈ દેસાઈ/ જગદીશભાઈ પટેલ

સામાવાળા :–જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (સ્મીમેર હોસ્પીટલ)

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :** આર.ટી.આઈ. એકટ હેઠળ કોમ્પ્યુટર આઈ.ડી.નં.૧૧૩૬ (૫૦૦/૯૭૧૫)ની શ્રી વિપુલભાઈ દેસાઈ/ જગદીશભાઈની તા.૨૯/૧૨/૨૦૧૮ ની માહિતી માંગતી અરજી બાબતે પ્રથમ અપીલ

**સંદર્ભ :** (૧) સ્મીમેર કોલેજ/આર.ટી.આઈ./આ.નં.૪૮૨૮ તા.૨૩–૧–૧૯

(૨) પ્રથમ અપીલ ઈસ્ટ ઝોન/આરટીઆઈસેલ/જા.નં.૨૪૦૮ તા.૬–૨–૧૯

(સ્મીમેર/હોસ્પી/ઈ.નં.૭૦૯૨તા.૭–૨–૧૯)

(૩) અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર, સ્મીમેર મેડીકલ કોલેજના સ્મીમેર/આઉટ નં.૫૫૦૭ તા.૨૨–૨–૧૯

(૪) નોડલ ઓફિસર(બાયમેટ્રીક) સ્મીમેર કોલેજને પાઠવેલ પત્ર નં.સ્મીમેર/હોસ્પી/ આ.નં.૫૩૦૫ તા.૨૯–૧–૧૯

(૫) અત્રેના પત્ર નં.સ્મીમેર/હોસ્પી/આ.નં.૬૩૦૩ તા.૧૨–૩–૧૯

અરજદાર શ્રી વિપુલ દેસાઈ / શ્રી જગદીશભાઈ પટેલ તરફથી જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર (ઈસ્ટ ઝોન) સુરત મહાનગરપાલિકા તરફથી સ્મીમેર કોલેજ તેમજ સ્મીમેર હોસ્પી.ને સંપૂર્ણ તબદીલ કરાતાં અત્રે સ્મીમેર/હોસ્પી/ઈન.નં.૬૩૦૯ તા.૫–૧–૧૯ થી અત્રે મળેલ. અરજદારશ્રી તરફથી માંગવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૫ અન્વયેની માહિતી સ્મીમેર કોલેજને લાગત હોવાથી જાહેર માહિતી અધિકારી, સ્મીમર કોલેજ તરફથી સંદર્ભ–(૧) હેઠળના પત્રથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ.

ત્યારબાદ અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી, અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનરશ્રી, પૂર્વ ઝોન (વરાછા) તરફથી સ્મીમેર કોલેજ તેમજ સ્મીમેર હોસ્પી.ને તબદીલ કરતાં સંદર્ભ (૨) હેઠળથી સ્મીમેર હોસ્પીટલને મળેલ છે. સદર અપીલ અરજીના મુદ્દા નં.૧ થી ૫ થીમાંગવામાં આવેલ માહિતી સ્મીમેર કોલેજને લાગત છે. મૂળ અરજીની વિગતો મુજબ એડમીશન અને બાયોમેટ્રીક હાજરીના રેકર્ડ અંગેની છે. આમ આ અરજી સંપૂર્ણપણે સ્મીમેર કોલેજને લાગત છે. અરજદારની અપીલ અરજી અન્વયે અપિલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી, સ્મીમેર કોલેજ ધ્વારા સંદર્ભ –(૩) થી પ્રથમ અપીલ અરજી અન્વયે હુકમ કરવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, સ્મીમેર હોસ્પિટલ ધ્વારા મુદ્દા નં.૪ અને ૫ અંગે અત્રે અરજી તબદીલ થયેલ હોવાથી સદર મુદ્દા અંગ નોડલ ઓફિસર (બાયોમેટ્રીક ) સ્મીમેર કોલેજને પત્ર નં.સ્મીમેર/હોસ્પી./આ.નં.૫૩૦૫ તા.૨૯–૧–૧૯ પાઠવી મુદ્દા નં.જરુરી પૂર્તતા /દસ્તાવેજી પુરાવા રજુ કરવા જણાવેલ અને તે મુજબ સ્મીમેર/હોસ્પી/આ.નં.૬૩૦૩ તા.૧૨–૩–૧૯ થી અરજદારને સ્મીમેર કોલેજના જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને જે પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ તે મુજબનો પ્રત્યુત્તર પાઠવેલ છે.

<u>તારણ</u> :

સ્મીમેર કોલેજ ખાતેના જાહેર માહિતી અધિકારી ધ્વારા મૂળ અરજી અન્વયે પાઠવવામાં આવેલ જવાબ અને અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર, સ્મીમેર કોલેજ ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલના તા.૨૨–૨–૧૯ ના હુકમને ધ્યાને લેતાં સ્મીમેર હોસ્પિટલના જાહેર માહિતી અધિકારી મૂળ અરજીમાં પક્ષકાર બનતાં ન હોય અરજદારની પ્રથમ અપીલ અરજી અન્વયે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

<u>હુકમ</u>

હકીકત અને તારણની વિગતે મેડીકલ કોલેજ કક્ષાએથી માહિતી આપવામાં આવેલ છે અને પ્રથમ અપીલનો નિકાલ થયેલ હોય, એક જ સંકુલમાં પુનરાવર્તિત અપીલીય કાર્યવાહી કરવાની રહેતી ન હોય, હોસ્પિટલ પૂરતી પ્રથમ અપીલ દફતરે કરવામાં આવે છે અને આખરી નિકાલ કરવામાં આવે છે.

(એચ.એસ.ભાવસાર)
અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર
સ્મીમેર હોસ્પીટલ
સુરત મહાનગરપાલિકા

નં.સ્મીમેર/આઉટ/
તા. /૦૩/૨૦૧૯